Extra No. 315

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, SEPTEMBER 4, 2025 / BHADRA 13, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું /

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. એબી/પીબી/૩૯૨૯/૨૦૨૫, તા.૨૮/૦૮/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૩૪૦-૪૭/૨૦૨૫, તા.૨૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૦૮૮૭ થી ૧૦૯૨૪/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ તેઓની કચેરી હસ્તક વડોલી-કીમ-ચીકદા રસ્તો (કિ.મી. ૧૦૩/૦૦ થી ૧૧૮/૦૦) ઈન્ટર મીડીયેટ લેન (૫.૫૦ મીટર પહોળી ડામર સપાટી) ધરાવતો રાજ્ય ધોરીમાર્ગ નં.૬૫ આવેલ છે. સદરહુ રસ્તા પર ખુપર(બરસણ) ગામ નજીક કરજણ નદી પર આવેલ રેલ્વે (ભરાડા) મેજર બ્રીજનું બાંધકામ વર્ષ-૧૯૭૫ માં થયેલ છે. સદરહુ બ્રીજ જુનો-જર્જરિત અને નબળો હોવાથી અણધારી દુર્ઘટના નિવારવાની તકેદારી અને સલામતિના ભાગરૂપે સદરહુ બ્રીજ ભારદારી મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના ભારવાહક હેવી લોડેડ વ્હિકલ્સ (મોટા ટેમ્પો, મોટા ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વ્હિકલ્સ તથા હેવી કોમર્શિયલ વ્હિકલ્સ વગેરે) માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વંચાણ-(૧)ની દરખાસ્ત સાથે અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જિલ્લામાં વિવિધ કારણોસર રસ્તો/બ્રીજ વાહનવ્યવહાર માટે બંધ કરી રૂટ ડાયવર્ઝન આપવા અંગે સ્થળ મુલાકાત કરી અત્રે અભિપ્રાય મોકલવા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ કમિટીનો તા.૦૫/૦૮/૨૦૨૫ નો અભિપ્રાય સામેલ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતોએ ઉક્ત બ્રીજ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ધોરીમાર્ગ નં.૬૫ - વડોલી-કીમ-ચીકદા રસ્તા(કિ.મી. ૧૦૩/૦૦ થી ૧૧૮/૦૦) પર ખુપર(બરસણ) ગામ નજીક કરજણ નદી પર આવેલ રેલ્વે (ભરાડા) મેજર બ્રીજ ભારદારી મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના ભારવાહક હેવી લોડેડ વ્હિકલ્સ (મોટા ટેમ્પો, મોટા ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વ્હિકલ્સ તથા હેવી કોમર્શિયલ વ્હિકલ્સ વગેરે) માટે બંધ કરી, ભારે વાહનો નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- મહારાષ્ટ્ર તરફથી આવતાં ભારે વાહનોએ કુકરમુંડા-કુલવાડી-વેલ્દા ટાંકી-ઉચ્છલ-સોનગઢ-ઉકાઈ-લિમ્બી-ખેરવાડા-સરકુઈ-ઘંટોળી-માલ્દા ફાટા-ઝંખવાવ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

- ઝંખવાવ તરફથી આવતાં ભારે વાહનોએ માલ્દા ફાટા-ઘંટોળી-સરકુઈ-ખેરવાડા-લિમ્બી-ખેડીપાડા-ઉકાઈ-સોનગઢ-ઉચ્છલ-વેલ્દા ટાંકી-કુલવાડી-કુકરમુંડા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની, મેજર બ્રીજના બંને છેડે એન્ટ્રી લગાડી ભારદારી વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત કરવા અંગેની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે. બ્રીજ પર ભારદારી વાહનોને પ્રવેશતા અટકાવવા બ્રીજના બંને છેડે પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાએ નિયમાનુસાર જરૂરી પોલીસ સ્ટાફ મુકવાનો રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૦૩-૦૯-૨૦૨૫.

એસ.કે.મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

// વંચાણે લીધું //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. એબી/પીબી/૩૯૩૦/૨૦૨૫, તા.૨૮/૦૮/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૩૪૦-૪૭/૨૦૨૫, તા.૨૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૦૯૨૫ થી ૧૦૯૬૨/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ તેઓની કચેરી હસ્તક સાગબારા-બોરદા-શેરૂલા રસ્તો (કિ.મી. ૦/૦ થી ૯/૮૬૦) ટુ-લેન (૭.૦૦ મીટર પહોળી ડામર સપાટી) ધરાવતો રાજ્ય ધોરીમાર્ગ નં.૧૭૪ આવેલ છે. સદરહુ રસ્તા પર પાટ ગામ નજીક ખાડી ઉપર કિ.મી. ૫/૦૦ થી ૫/૨૦૦ વચ્ચે આવેલ મેજર બ્રીજનું બાંધકામ વર્ષ ૧૯૭૯-૮૦ માં કરવામાં આવેલ છે તથા નાની દેવરૂપણ ગામે ખાડી ઉપર કિ.મી. ૭/૦૦ થી ૭/૨૦૦ વચ્ચે આવેલ મેજર બ્રીજનું બાંધકામ વર્ષ ૧૯૮૦-૮૧ માં થયેલ છે. સદર બંને મેજર બ્રીજસ જુના-જર્જરિત અને નબળા હોવાથી અણધારી દુર્ઘટના નિવારવાની તકેદારી અને સલામતિના ભાગરૂપે સદરહુ મેજર બ્રીજસ ભારદારી મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના ભારવાહક હેવી લોડેડ વ્હિકલ્સ (મોટા ટેમ્પો, મોટા ટ્રક, મલ્ટી એકસેલ લોડેડ વ્હિકલ્સ તથા હેવી કોમર્શિયલ વ્હિકલ્સ વગેરે) માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વંચાણ-(૧)ની દરખાસ્ત સાથે અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જિલ્લામાં વિવિધ કારણોસર રસ્તો/બ્રીજ વાહનવ્યવહાર માટે બંધ કરી રૂટ ડાયવર્ઝન આપવા અંગે સ્થળ મુલાકાત કરી અત્રે અભિપ્રાય મોકલવા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ કમિટીનો તા.૦૫/૦૮/૨૦૨૫ નો અભિપ્રાય સામેલ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતોએ ઉક્ત મેજર બ્રીજસ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક

જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ધોરીમાર્ગ નં. ૧૭૪ - સાગબારા-બોરદા-શેરૂલા રસ્તા(કિ.મી. ૦/૦ થી ૯/૮૬૦) પર (૧) પાટ ગામ નજીક ખાડી ઉપર કિ.મી. ૫/૦૦ થી ૫/૨૦૦ વચ્ચે આવેલ મેજર બ્રીજ તથા (૨) નાની દેવરૂપણ ગામે ખાડી ઉપર કિ.મી. ૭/૦૦ થી ૭/૨૦૦ વચ્ચે આવેલ મેજર બ્રીજ ભારદારી મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના ભારવાહક હેવી લોડેડ વ્હિકલ્સ (મોટા ટેમ્પો, મોટા ટ્રક, મલ્ટી એકસેલ લોડેડ વ્હિકલ્સ તથા હેવી કોમર્શિયલ વ્હિકલ્સ વગેરે) માટે બંધ કરી, ભારે વાહનો નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- સાગબારાથી પાટલામહુ તરફ જતાં ભારે વાહનો સાગબારાથી પાટ ચોકડી-પાંચપીપરી-ઘોડમુંગ-પાટ-દતવાડા-સોરાપાડા-ખોપી-નાલ-પુજરીગઢ ગામે થઈ પાટલામહુ તરફ જઈ શકશે.

- પાટલામહુથી સાગબારા તરફ જતાં ભારે વાહનો પાટલામહુ ગામેથી પુજરીગઢ-નાલ-ખોપી-સોરાપાડા-દતવાડા-પાટ-ઘોડમુંગ-પાંચપીપરી-પાટ ચોકડી થઈ સાગબારા તરફ જઈ શકશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની, મેજર બ્રીજસના બંને છેડે એન્ટ્રી લગાડી ભારદારી વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત કરવા અંગેની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે. બંને બ્રીજસ પર ભારદારી વાહનોને પ્રવેશતા અટકાવવા બ્રીજસના બંને છેડે પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાએ નિયમાનુસાર જરૂરી પોલીસ સ્ટાફ મુકવાનો રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૦૩-૦૯-૨૦૨૫.

એસ.કે.મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:01:47 IST